RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૫૯ તા.૧૨–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન )

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) આસી.ઈજનેર અજિતસિંહ રાજને હાલમાં કયા કયા વિભાગમાં કયા કયા હોદ્દાનો ચાર્જ સોંપવામાં આવેલ છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની SMC/FAP/ નં.૪૫૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) આસી.ઈજનેર અજિતસિંહ રાજને હાલમાં કયા કયા વિભાગમાં કયા કયા હોદ્દાનો ચાર્જ સોપવામાં આવેલ છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૭ તા.૧૯–૧૨–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૧૯૬૦ તા.૨–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/એસ્ટા/ આ.નં. ૧૭૧૪ તા.૨૧–૧૧–૧૧ના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૮૭૯ તા.૧૫–૧૨–૧૧ થી પુનઃ પાઠવેલ યાદપત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૮–૧૧–૧૧ ની અરજીથી આસી.ઈજનેર અજિતસિંહ રાજની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) આસી.ઈજનેર અજિતસિંહ રાજને હાલમાં કયા કયા વિભાગમાં કયા કયા હોદ્દાનો ચાર્જ સોપવામાં આવેલ છે ? મુદ્દા નં.(૨) હોદ્દા અંગે ચાર્જ સોંપતી વખતે જે જે હુકમ પત્ર આપવામાં આવ્યો હોય તે તમામ હુકમ પત્રોની નકલો આપશો. મુદ્દા નં.(૩) આ ચાર્જ જે જે અધિકારી ધ્વારા સોંપવામાં આવ્યો હોય તે અધિકારીએ કઈ કઈ સત્તાની રૂએ ચાર્જ સોંપ્યો તેની નકલો સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૪) આસી.ઈજનેર અજિતસિંહ રાજને જે જે વિભાગના ચાર્જ સોંપવામાં આવ્યા હોય તે ચાર્જ મહેકમ વિભાગ (મનપા) ધ્વારા સોંપવામાં આવેલ છે કે કેમ તેની વિગત આપશો. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૭૧૪ તા.૨૧–૧૧–૧૧ થી આસી.ઈજનેર તરીકે ફરજ બજાવતાં કર્મચારી શ્રી અજિતસિંહ એમ. રાજ હાલ સાઉથઝોન ખાતે એડી.સીટી ઈજનેરશ્રીના કચેરી હુકમ નં.સા.ઝોન/ટેક./૪૩૧૧ તા.૧૧–૧૦–૧૧ મુજબ લેન્ડ એન્ડ એસ્ટેટ , હોર્ડિંગ્સ, મોબાઈલ ટાવર પરમીશનની કામગીરી, હોકીંગઝોન અમલીકરણ, લાયસન્સ ફાળવણી જે.એન.એન.યુ.આર.એમ ને લગતા તમામ પ્રોજેકટના ઈન્ફ્રાસ્ટકચર ડેવલપમેન્ટની કામગીરીના નોડલ ઓફિસર તરીકેની કામગીરી સંભાળી રહયા છે જે હુકમની નકલ નંગ–૧ તથા આ ચાર્જ જે અધિકારી ધ્વારા સોંપવામાં આવેલ છે તે અધિકારીની સત્તની રૂએ ચાર્જ સોંપ્યો તેના ડી.પી.ની નકલ નંગ–૩ મળી કુલ પાના સંખ્યા–૪, નંગ–૧ પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૮/– ભરી રસીદની ઝેરોક્ષ નકલ ઉધનાઝોન ખાતે રજૂ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે તેવું સમય અવધિમાં જણાવેલ. ત્યાર બાદ પત્ર ન. સા.ઝોન/એસ્ટા/ ૧૮૭૯ તા.૧૫–૧૨–૧૧ થી અરજદારને પુનઃ દિન–૧૦ માં નાણા ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે અન્યથા આપની અરજી દફતરે કરવામાં આવશે . તેવું જણાવેલ છે.

વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં અરજદારને તેમનો મો. નં.૯૩૭૪૭૧૧૫૭૦ થી જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે માહિતી મેળવવા પ્રયત્ન કરેલ જણાતો નથી. તેવો પણ તેમનો પક્ષ રજૂ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આંશિક માહિતી પૂરી પાડી શેષ માહિતી માટે દસ્તાવેજ ચાર્જ ભરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ સમય અવધિમાં કરેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડી શેષ માહિતી દસ્તાવેજ ચાર્જ ભરી મેળવી લેવા જણાવતો પ્રસ્તાવ સમય અવધિમાં કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો પ્રસ્તાવ અનુસાર ચાર્જ ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ